# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-10-2023** **Evening : 7.50 to 8.00**
**Day : Monday** **National News**

### આકાશવાણી સમાચાર **અર્પિશા રાજપુરોહિત** વાંચે છે.

*****************************************************

- કેન્દ્રિય ચૂંટણી પંચે રાજસ્થાન, મધ્યપ્રદેશ, તેલંગાણા, છત્તીસગઢ અને મિઝોરમમાં સાતમીથી 30મી નવેમ્બર દરમિયાન અલગ અલગ તારીખોએ વિધાનસભાની ચૂંટણી યોજાશે- મતગણતરી 3જી ડિસેમ્બરે..
- ભારત અને તાન્ઝાનિયાએ સંરક્ષણ, કૌશલ્ય વિકાસ સહિત વિવિધ ક્ષેત્રોમાં સમજૂતી કરાર કર્યા છે.
- સમગ્ર દેશમાં આવેલી એઇમ્સ સંસ્થાઓમાં આયુષ અંગેનો સમર્પિત શિક્ષણ વિભાગ રહેશે.
- આજે યોજાયેલી રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સમિતિની બેઠકમાં પૂરના કારણે સિક્કીમમાં ઉભી થયેલી પરિસ્થિતીની સમીક્ષા કરવામાં આવી.
- અર્થશાસ્ત્ર માટેનો વર્ષ 2023નો નોબેલ પુરસ્કાર હાર્વર્ડ યુનિવર્સીટીના પ્રોફેસર ક્લાઉડિયા ગોલ્ડિનને અપાશે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એશિયન ગેમ્સ 2022માં ભાગ લેનાર ભારતીય ખેલાડીઓની ટુકડી સાથે આવતીકાલે નવી દિલ્હીમાં વાતચીત કરશે અને સંબોધન કરશે.

**************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DAY-ECI-DATES

કેન્દ્રિય ચૂંટણી પંચે રાજસ્થાન, મધ્યપ્રદેશ, તેલંગાણા, છત્તીસગઢ અને મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણી આગામી સાતમીથી 30મી નવેમ્બર દરમિયાન યોજવાની જાહેરાત કરી છે. પાંચ રાજ્યોની ચૂંટણીની મતગણતરી આગામી ત્રીજી ડિસેમ્બરે હાથ ધરાશે. મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવ કુમારે આજે દિલ્હીમાં પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, છત્તીસગઢમાં પહેલા તબક્કામાં સાતમી નવેમ્બરે અને બીજા તબક્કામાં 17મી નવેમ્બરે મતદાન થશે. પહેલા તબક્કાની ચૂંટણી માટેનું જાહેરનામું 13મી ઓક્ટોબરે જ્યારે બીજા તબક્કાની ચૂંટણી માટેનું જાહેરનામું 21મી ઓક્ટોબરે બહાર પડશે.

મિઝોરમમાં સાતમી નવેમ્બરે ચૂંટણી યોજાશે. આ માટેનું જાહેરનામું 13મી ઓક્ટોબરે બહાર પડાશે. મધ્યપ્રદેશમાં 17મી નવેમ્બરે ચૂંટણી યોજાશે જેનું જાહેરનામું 21મી ઓક્ટોબરે જ્યારે રાજસ્થાનમાં 23મી નવેમ્બરે ચૂંટણી યોજાશે, જે માટેનું જાહેરનામું 30મી ઓક્ટોબરે બહાર પડશે. આ ઉપરાંત તેલંગાણામાં 30મી નવેમ્બરે ચૂંટણી યોજાશે, જે માટેનું જાહેરનામું 3જી નવેમ્બરે બહાર પડશે.

ચૂંટણી કમિશ્નરે ખાત્રી આપી છે કે, પાંચેય રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજાય એ બાબત ચૂંટણી પંચ સુનિશ્ચિત કરશે.

તેમણે કહ્યું કે, પાંચ રાજ્યોમાં વિધાનસભાની 679 બેઠકો છે. આ પાંચ રાજ્યોમાં 17 હજાર 734 આદર્શ મતદાન મથકો ઉભા કરાશે. દરેક મતદાન મથકે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. વિધાનસભાની ચૂંટણીમાં 16 કરોડ મતદારો મતાધિકાર ધરાવે છે, આ પૈકી 60 લાખ મતદારો પહેલીવાર મતદાન કરશે. ચૂંટણી પંચે પાંચ રાજ્યોની મુલાકાત લઇને ત્યાંના વહીવટીતંત્ર

તેમજ કેન્દ્ર અને રાજ્યની એન્ફોર્સમેન્ટ એજન્સીઓના પ્રતિનિધીઓ સાથે ચર્ચા વિચારણા કરી છે.

## BJP - CANDIDATE LIST

ભાજપે મધ્યપ્રદેશ વિધાનસભાની આગામી ચૂંટણી માટે વર્તમાન મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ સહિત 57 ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. શ્રી શિવરાજસિંહ ચૌહાણ બુધની જ્યારે મંત્રી નરોત્તમ મિશ્રા દાતિયા વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. શ્રી ગોપાલ ભાર્ગવ રેહલી જ્યારે વિશ્વાસ સારંગ નરેલા બેઠક પરથી પક્ષાન ઉમેદવાર રહેશે. ઉલ્લેખનીય છે કે, ભાજપે અગાઉની 41 ઉમેદવારોની યાદીમાં સાત સાંસદોના નામનો સમાવેશ કર્યો છે.

દરમિયાન, ભાજપે છત્તીસગઢ વિધાનસભાની ચૂંટણી માટેની 64 ઉમેદવારોની સૂચિ જારી કરી છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી રમણસિંહ રાજનંદગાંવ વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર રહેશે.

## FUR REV DAY TANZANIAN PREZ- INDIA

ભારત અને તાન્ઝાનિયાએ સંરક્ષણ, કૌશલ્ય વિકાસ સહિત વિવિધ ક્ષેત્રોમાં સમજૂતી કરાર કર્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ સામિયા સુલુહુ હસને આજે દિલ્હીમાં પ્રતિનિધી સ્તરની વાતચીત કર્યા પછી બંને દેશોએ સમજૂતી કરાર કર્યા હતા.

બેઠક બાદ તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંયુક્ત પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, બંને દેશો વચ્ચેના સંબંધો વધુ ઉન્નત થઇને હવે વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિણમ્યા છે. બંને દેશો સ્થાનિક ચલણમાં દ્વિપક્ષી વેપાર કરી શકાય તે માટેની સમજૂતી સાધવા પ્રયાસ કરી રહ્યા છે. શ્રી મોદીએ કહ્યું કે, બંને દેશોએ સંરક્ષણ ક્ષેત્રોના સંબંધો માટે પાંચ

વર્ષનું આયોજન કર્યું છે. જેમાં સેનાની તાલીમ, દરિયાઇ ક્ષેત્રે સહકાર, ક્ષમતા વધારવી જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. તાન્ઝાનિયાએ ભારત દ્વારા શરૂ કરાયેલા વૈશ્વિક જૈવ ઇંધણ મોરચામાં જોડાવાનો નિર્ણય લીધો છે એ અંગે શ્રી મોદીએ ખુશી વ્યક્ત કરી.

શ્રી મોદીએ ભારત ICT કેન્દ્રો, વ્યવસાયિક તાલીમ અને શિષ્યવૃત્તિ દ્વારા તાન્ઝાનિયામાં કૌશલ્ય વિકાસ વધારવા કરી રહેલ કામગીરીની માહિતી આપી હતી. બંને દેશો આતંકવાદ એ સમગ્ર માનવજાતિ માટે ખતરારૂપ હોવા અંગે સંમત થયા છે.

સામિયા સુલુહુએ આજે સવારે રાજઘાટ પર પુષ્પાંજલિ અર્પણ કરી મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી..અમારા સંવાદદાતા જણાવે છે કે, સૂશ્રી હસન આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને  મળશે. તેમજ તેમનાં સન્માનમાં રાષ્ટ્રપતિ મુર્મુ દ્વારા ભોજન સમારંભનું આયોજન કરવામાં આવશે.

## MUMBAI-AYUSH

સમગ્ર દેશમાં આવેલી એઇમ્સ સંસ્થાઓમાં આયુષ અંગેનો સમર્પિત શિક્ષણ વિભાગ રહેશે. કેન્દ્રિય આયુષ મંત્રી સર્વાનંદ સોનોવાલે આજે મુંબઇમાં રાષ્ટ્રીય આયુષ મિશનની સમીક્ષા બેઠકમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, સરકાર તમામ સ્તરે આધુનિક અને પરંપરાગત આરોગ્ય સેવા પધ્ધતિ વડે રોગ નિદાન અને સારવાર લોકોને ઉપલબ્ધ કરાવવા પ્રયાસ કરી રહી છે. કોવિડના કપરા સમયમાં અપાયેલા નોંધપાત્ર યોગદાનના કારણે આયુષ ઉપચાર પધ્ધતિનું મહત્વ વિશ્વ સમુદાયે સ્વીકાર્યું છે. શ્રી સોનોવાલે જણાવ્યું કે, આયુષના મહત્વને ઓળખીને ગુજરાતના ગાંધીનગર ખાતે યોજાયેલા બે દિવસીય પારંપારિક

ઔષધ અંગેની બેઠકનું આયોજન આયુષ મંત્રાલય અને વિશ્વ આરોગ્ય સંસ્થાએ સાથે મળીને કર્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે, પારંપારિક ઉપચાર પધ્ધતિ ક્ષેત્રે દેશભરમાં નવસો સ્ટાર્ટઅપ અને એક યુનિકોર્ન કાર્યરત છે.

## NCMC - SIKKIM SITUATION

કેબિનેટ સચિવ રાજીવ ગૌબાના અધ્યક્ષપદે આજે યોજાયેલી રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સમિતિ- NCMCની બેઠકમાં પૂરના કારણે સિક્કીમમાં ઉભી થયેલી પરિસ્થિતીની સમીક્ષા કરવામાં આવી છે. આ બેઠકમાં જણાવવામાં આવ્યું કે, રાજ્યમાં ઘણા સ્થળોએ માર્ગ દ્વારા સંપર્ક ફરી સ્થાપવામાં આવ્યો છે.

એવી જ રીતે વાતાવરણમાં સુધારો થતાં લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી શક્ય બન્યું છે. આજે સવારે 80 લોકોને સલામત સ્થળે ખસેડાયા છે. બેઠકમાં માહિતી અપાઇ હતી કે, રાજ્યમાં સ્થપાયેલા 28 રાહત શિબિરોમાં છ હજારથી વધુ લોકો આશરો લઇ રહ્યા છે. સત્તાવાળાઓએ પૂરથી અસરગ્રસ્ત વિસ્તારોમાં અનાજ, દવાઓ તેમજ રાંધણગેસ જેવી આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો આપવાની શરૂઆત કરી છે.

એનડીઆરએફના વડાએ જણાવ્યું હતું કે, સિક્કીમમાં એનડીઆરએફની છ ટીમના જવાનો રાહત અને બચાવ કામગીરી કરી રહ્યા છે. ગૃહસચિવ અજય ભલ્લાએ જણાવ્યું હતું કે, સિક્કીમની પરિસ્થિતીની માહિતી મેળવવા આંતરમંત્રાલય સંકલન સમિતિના સભ્યો ટૂંક સમયમાં રાજ્યની મુલાકાતે જશે.

દરમિયાન, સિક્કીમના મુખ્યમંત્રી પી.એસ. તમાંગે આજે રાજ્યના પૂરથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી છે. ઉલ્લેખનીય છે કે, તિસ્તા નદીમાં આવેલા પૂરના કારણે પૂર્વ, ઉત્તર અને દક્ષિણ સિક્કીમને જોડનાર સિરવાની પુલ તૂટી ગયો છે. શ્રી તમાંગે સ્થળની મુલાકાત લીધા બાદ આ પુલ યુધ્ધના ધોરણે ફરી બાંધવા ઉપર ભાર મુક્યો છે. ઉલ્લેખનીય છે કે, તિસ્તાના પૂરના કારણે NHPC Teesta- છ બંધને પણ નોંધપાત્ર નુકસાન થયું છે.

## Nobel Prize-- Economic Sciences

અર્થશાસ્ત્ર માટેનો વર્ષ 2023નો નોબેલ પુરસ્કાર હાર્વર્ડ યુનિવર્સીટીના પ્રોફેસર ક્લાઉડિયા ગોલ્ડિનને અપાશે. રોયલ સ્વીડીશ એકેડમી ઓફ સાયન્સીઝ દ્વારા આજે આ જાહેરાત કરાઇ છે. મહિલા શ્રમિકોના બજારના પરિણામો અંગે જાણકારી વધારવા બાબતે સુશ્રી ક્લાઉડિયા ગોલ્ડિનને નોબેલ પુરસ્કાર અપાશે. અત્યાર સુધી અર્થશાસ્ત્ર માટેનો નોબેલ પુરસ્કાર એલિનોર ઓસ્ટ્રોમ અને એસ્થર ડફ્લોને આપવામાં આવ્યો હતો. સુશ્રી ગોલ્ડિન આ પુરસ્કાર મેળવનાર ત્રીજા મહિલા હશે.

## PM- ATHLETES MEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એશિયન ગેમ્સ 2022માં ભાગ લેનાર ભારતીય ખેલાડીઓની ટુકડી સાથે આવતીકાલે નવી દિલ્હીમાં વાતચીત કરશે અને સંબોધન કરશે. આ કાર્યક્રમમાં, પ્રધાનમંત્રી એશિયન ગેમ્સમાં તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિ માટે ખેલાડીઓને પ્રશંસા કરશે અને તેમને ભવિષ્યની સ્પર્ધાઓ માટે પ્રોત્સાહન આપશે.

ભારતે એશિયન ગેમ્સ 2022માં 28 સુવર્ણ પદક સહિત કુલ 107 પદક મેળવ્યા છે. જીતેલા પદકની કુલ સંખ્યાના સંદર્ભમાં આ એશિયન ગેમ્સમાં ભારતનું આ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.

આ કાર્યક્રમમાં એશિયન ગેમ્સ માટે ભારતીય ટુકડીના ખેલાડીઓ, તેમના કોચ, ભારતીય ઓલિમ્પિક સંઘના અધિકારીઓ અને રાષ્ટ્રીય ખેલ મહાસંઘના પ્રતિનિધિઓ હાજરી આપશે.

## JOHAR CUP-HOCKEY

મલેશિયામાં 27મી ઓક્ટોબરથી 4થી નવેમ્બર સુધી યોજાનાર સુલતાન ઓફ જોહર કપ માટે હોકી ઇન્ડિયાએ 20 સભ્યોની ભારતીય જુનિયર પુરૂષ ટીમની આજે જાહેરાત કરી છે. ઉત્તમ સિંહ ભારતીય ટીમના સુકાની જ્યારે રાજીન્દર સિંહ ઉપસુકાની રહેશે. આ સ્પર્ધામાં ભારત સહિત આઠ ટીમો ભાગ લેશે.

ભારતને મલેશિયા, પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડની સાથે પૂલ-બીમાં મૂકવામાં આવ્યું છે, જ્યારે પૂલ-એમાં જર્મની, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા અને ગ્રેટ બ્રિટનનો સમાવેશ કરાયો છે..

## COOPERATION - RBI

ભારતીય રિઝર્વ બેન્કે શહેરી સહકારી બેન્કો દ્વારા બુલેટ રી- પેમેન્ટ સ્કીમ હેઠળ ગોલ્ડ લોન માટેની નાણાંકીય ટોચ મર્યાદા બે લાખ રૂપિયાથી વધારીને ચાર રૂપિયા કરી છે. શહેરી સહકાર મંત્રાલયની યાદીમાં જણાવ્યું છે કે, સરકારનું આ પગલું શહેરી સહકારી બેન્કોને પડતી મુશ્કેલીઓ નિવારવામાં અને અગ્રતાના ક્ષેત્રોમાં ધિરાણના લક્ષ્યાંકો પૂરા કરવામાં મદદરૂપ થશે. યાદીમાં જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર સહકારી બેન્કોને મજબૂત કરવા પ્રતિબધ્ધ છે.